# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1 District (જીલ્લો): મોરબી | Police Station (પોલીસ સ્ટેશન): બી ડિવિઝન, મોરબી સીટી | Year (વર્ષ): 2022 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક): 11189004222003 | Date (તારીખ): 30/10/2022

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી | Sections (કલમો): 304,308,114

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

Day. (દિવસ): રવિવાર | Date from (તારીખથી): | Date to (તારીખ સુધી): 30/10/2022

Time Period (સમયગાળો): | Time from (કલાકથી): | Time to (કલાક સુધી): 18:30

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) Date (તારીખ): 30/10/2022 Time (સમય): 20:15

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) Time (સમય):

4 Type of Information: (માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર) Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું) મચ્છુનદી ઉપર આવેલ ઝૂલતાપુલ ઉપર, મોરબી-૨, મોરબી સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશન. ,
ગામ. મોરબી,
તા. મોરબી,
જી. મોરબી.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) (ક) Name (નામ): શ્રીસત પ્રકાશભાઇ અંબારામભાઇ દેકાવાડીયા | (b) (ખ) Father's/Husband's Name (પિતા/પતિનું નામ): અંબારામભાઇ દેકાવાડીયા

(c) (ગ) Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | (d) (ઘ) Nationality (રાષ્ટ્રીયતા): ભારતીય

(e) (ઙ)

(f) (ચ)

Occupation (ધંધો)

પોલીસ કર્મચારી

(g) (છ)

Address
(સરનામું)
મોરબી સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશન. ,
ગામ. મોરબી,
તા. મોરબી,
જી. મોરબી.

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|
| (1) ઝૂલતોપુલ મેન્ટેનન્સ કરનાર એજન્સી | | |
| (2) મેનેજમેન્ટ કરનાર એજન્સી | | |
| (3) તપાસમાં ખુલે તે. | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મૃત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

ઇ.પી.કો. કલમ- ૩૦૪, ૩૦૮, ૧૧૪ મુજબ તે એવી રીતે કે, મોરબી ખાતે મચ્છુ નદિ પર આવેલ ઝુલતો પુલ કે જે યોગ્ય સમારકામ અને મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટના અભાવે યાંત્રીક ખામી કે અન્ય કોઇ કારણોસર આજરોજ સાંજના ૧૮/૩૦ ના અરશામાં તુટી ગયેલ હોવાથી આશરે ૫૦ થી વધુ લોકોના મૃત્યુ નીપજેલ છે તથા આશરે ૧૫૦ થી વધુ વ્યકિતઓને નાની મોટી ગંભીર તથા સામાન્ય ઈજાઓ થયેલ હોય આ બ્રીજનુ સમારકામ તથા મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટ કરનાર વ્યકિત/એજન્સીઓએ આ બ્રીજનુ યોગ્ય રીતે સમારકામ/મેન્ટેનન્સ તથા કવોલીટી ચેક કર્યા, યોગ્ય કાળજી રાખ્યા વગર તથા યોગ્ય મેનેજમેન્ટ નહી કરી તેમના આવા ગંભીર બેદરકારી તથા નિષ્કાળજી ભરેલ કૃત્યના કારણે આ ઝૂલતા પુલ ઉપર પ્રવાસન અર્થે આવતા આમ નાગરીકોનું મૃત્યુ નીપજવાનો તથા શારીરીક હાની પહોંચવાની સંભાવના તથા જાણકારી હોવા છતાં, સામાન્ય માણસની જિંદગી જોખમાય તેવુ જાણતા હોવા છતા આ બ્રીજ તા.૨૬/૧૦/૨૦૨૨૨૦૨૨ના રોજ ખુલ્લો મુકેલ જેના કારણે ઉપરોકત દુઃખદ ઘટના બનવા પામેલ હોય જે ઘટનામાં આશરે ૫૦ થી વધુ લોકોના મૃત્યુ નીપજેલ હોય તથા અન્ય આશરે ૧૫૦ થી વધુ લોકોને નાની મોટી ગંભીર તથા સામાન્ય ઈજાઓ થયેલ હોય જેથી આ મચ્છુ નદિ પર આવેલ ઝુલતા પુલનુ સમારકામ, મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટ કરનાર વ્યકિતઓ/એજન્સીઓએ ગુન્હો કર્યા બાબત.

Complaint(ફરિયાદ)

તા.૩૦/૧૦/૨૦૨૨

મારૂ નામ પ્રકાશભાઈ અંબારામભાઈ દેકાવાડીયા, પોલીસ ઈન્સપેકટર, મોરબી સીટી બી ડિવિઝન, પોલીસ સ્ટેશન , જિ.મોરબી, મો.નં.૯૯૨૫૦૩૩૨૨૮

અમો મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સપેકટર તરીકે છેલ્લા છએક માસથી ફરજ બજાવીએ છીએ અને અમારી ફરજમાં મોરબી સીટી બી ડિવિઝન પો.સ્ટે.વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની છે.

આજરોજ મોરબી મચ્છુ નદિ ઉપર આવેલ ઝુલતો પુલ પર્યટન સ્થળ આવેલ હોય જે ઝુલતો પુલ કે, જે સને-૧૮૮૭ માં મોરબી સ્ટેટ દ્વારા બનાવવામાં આવેલ હતો. જે બ્રીજની લંબાઈ આશરે ૭૬૫ ફુટ, પહોંળાઈ ૪.૬ ફુટ તથા ઉંચાઈ ૬૦ ફુટની છે. જે વખતો વખત સરકારશ્રીના અલગ અલગ વહીવટ તંત્ર દ્રારા ખાનગી એજન્સીઓ મારફતે સમારકામ, મેન્ટેનન્સ અને મેનેજમેન્ટ કરી સ્થાનીક લોકોની સુખાકારી અને આનંદપ્રમોદ તથા પ્રવાસન માટે ખુલ્લો રાખવામા આવતો હતો. જે બ્રીજ આજથી આશરે આઠેક માસથી મેન્ટેનન્સ અર્થે બંધ રાખેલ હોય જે પુલનું સમારકામ તેમજ મેન્ટેનન્સ ખાનગી એજન્સી દ્વારા પુરૂ થઇ જતા ગત તા.૨૬/૧૦/૨૦૨૨૨૦૨૨ના રોજ આ પુલ પર્યટન સ્થળ તરીકે આમ જનતાના આનંદપ્રમોદ અર્થે ખુલ્લો મુકવામાં આવેલ હતો. જે જગ્યાએ હાલમાં દિવાળીના તહેવારના દિવસો ચાલતા હોય જેથી ઘણા બધા લોકો પર્યટન અર્થે આવતા જતા હતા.

આજરોજ અમો બપોરના કલાક ૧૪/૦૦ થી મોરબી મહારાણા પ્રતાપ સર્કલ ખાતેથી સેવા એજ સંપતી ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલ જન્મ જયંતી નીમીતે એકતા યાત્રા રેલી અનુસંધાને સ્ટાફના માણસો સાથે બંદોબસ્તમાં હતા તે દરમ્યાન આશરે કલાક ૧૮/૩૦ વાગ્યાના અરસામાં અમોને જાણવા મળેલ કે, આ મચ્છુ નદિ ઉપર આવેલ ઝુલતો પુલ કોઈ યાંત્રીક ખામી સર્જાતા કે અન્ય કારણોસર વચ્ચેના ભાગેથી તુટી નીચે નદિના ભાગે પડી ગયેલ અને આ વખતે આ બ્રીજ ઉપર આશરે ૨૫૦ થી ૩૦૦ માણસો પર્યટન અર્થે હરવા ફરવા આવેલ હતા જેઓ આ બ્રીજ ઉપર હતા અને આ ઝૂલતો પુલ તુટી જવાથી મોટા ભાગના લોકો મચ્છુ નદીના પાણીમાં પડી ગયેલ જેમા નાના-મોટા સ્ત્રી,પુરૂષો,બાળકોતથા વૃધ્ધો વિગેરે હતા. જેથી અમો તાત્કાલીક તાબાના માણસો સાથે ઘટના સ્થળે પહોંચી ગયેલ અને મોરબી જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ મારફતે જિલ્લાની તમામ પોલીસ ફોર્સને તાત્કાલીક ઘટના સ્થળે બચાવ રાહતની કામગીરી માટે બોલાવેલ હતા. તેમજ આ વખતે મોરબી નગરપાલીકા તથા ૧૦૮ તથા સરકારી હોસ્પિટલસ્ટાફ તથા ફાયરબ્રીગેડ તથા અન્ય સરકારી તંત્ર તથા સેવાભાવી સંસ્થાના માણસો તથા સ્થાનીક આગેવાનો આ બચાવ કામગીરીમાં જોડાયેલ હતા. જે બચાવ કામગીરી દરમ્યાન આશરે ૨૦૦ થી વધુ લોકોને મચ્છુ નદિના પાણીમાંથી તરવૈયા, હોડકા, જેસીબી તથા રસ્સા વડે બહાર કાઢી ૧૦૮ તથા સરકારી/ ખાનગી એમ્બ્યુલન્સોની મદદથી સરકારી તથા ખાનગી હોસ્પિટલો ખાતે સારવાર માટે મોકલી આપેલ દરમ્યાન અમોને જાણવા મળેલ કે, આ ઈજાગ્રસ્તો પૈકી આશરે ૫૦ થી વધુ લોકોના મોત નીપજેલ છે તથા  અન્ય લોકોને નાની મોટી ગંભીર તથા સામાન્ય ઈજાઓ થયેલ છે.

આમઆ મોરબી ખાતે મચ્છુ નદિ પર આવેલ ઝુલતો પુલ કે જે યોગ્ય સમારકામ અને મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટના અભાવે યાંત્રીક ખામી કે અન્ય કોઇ કારણોસર આજરોજ સાંજના ૧૮/૩૦ ના અરશામાં તુટી ગયેલ હોવાથી આશરે ૫૦ થી વધુ લોકોના મૃત્યુ નીપજેલ છે તથા આશરે ૧૫૦ થી વધુ વ્યકિતઓને નાની મોટી ગંભીર તથા સામાન્ય ઈજાઓ થયેલ હોય આ બ્રીજનુ સમારકામ તથા મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટ કરનાર વ્યકિત/એજન્સીઓએ આ બ્રીજનુ યોગ્ય રીતે સમારકામ/મેન્ટેનન્સ તથા કવોલીટી ચેક કર્યા, યોગ્ય કાળજી રાખ્યા વગર તથા યોગ્ય મેનેજમેન્ટ નહી કરી તેમના આવા ગંભીર બેદરકારી તથા નિષ્કાળજી ભરેલ કૃત્યના કારણે આ ઝૂલતા પુલ ઉપર પ્રવાસન અર્થે આવતા આમ નાગરીકોનું મૃત્યુ નીપજવાનો તથા શારીરીક હાની પહોંચવાની સંભાવના તથા જાણકારી હોવા છતાં, સામાન્ય માણસની જિંદગી જોખમાય તેવુ જાણતા હોવા છતા આ બ્રીજ તા.૨૬/૧૦/૨૦૨૨૨૦૨૨ના રોજ ખુલ્લો મુકેલ જેના કારણે ઉપરોકત દુઃખદ ઘટના બનવા પામેલ હોય  જે ઘટનામાં આશરે ૫૦ થી વધુ લોકોના મૃત્યુ નીપજેલ હોય તથા અન્ય આશરે ૧૫૦ થી વધુ લોકોને નાની મોટી ગંભીર તથા સામાન્ય ઈજાઓ થયેલ હોય જેથી આ મચ્છુ નદિ પર આવેલ ઝુલતા પુલનુ સમારકામ, મેન્ટેનન્સ તથા મેનેજમેન્ટ કરનાર વ્યકિતઓ/એજન્સીઓ વિરૂધ્ધ તથા તપાસમાં ખુલે તેઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ- ૩૦૪, ૩૦૮, ૧૧૪ મુજબ શ્રી સરકાર તરફે મારી ધોરણસર થવા ફરીયાદ છે.

એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી હોય જે વાંચી સમજી આ નીચે મે મારી સહિ કરી આપેલ છે.

રૂબરૂ

(પી.એ.ઝાલા)
નાયબ પોલીસ અધિક્ષક

મોરબી વિભાગ, મોરબી

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2 :
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- પ્રતિપાલસિંહ અજીતસિંહ ઝાલા Rank(હોદ્દો):- નાયબ પોલીસ અધિક્ષક
No.:- paj180578 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

| | | | |
|---|---|---|---|
| Name (નામ) | રાજેશકુમાર નરસંગભાઇ ડાંગર | | |
| Rank (હોદ્દો) | હેડ કોન્સ્ટેબલ | GPF No (જીપીએફ નંબર) | rnd020283 |

15 Date and time of dispatch to the court. 30/10/2022 20:15
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય)